# 66

**રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે મળવાપાત્ર વળતર**

***15/4/839 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર**(ચાણસ્મા) **:** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૭/૦૨/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૦૭ (અગ્રતા–૦૩)ના અનુસંધાને **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળવાપાત્ર વળતર પેટે ૩.૯,૧૩૬.૨૬ કરોડની રકમ મળવાની બાકી હતી તે પૈકી કેટલી રકમ ક્યારે મળી, | (૧) બાકી રકમ પૈકી કેન્દ્ર સરકાર તરફથી નીચેની વિગતે રકમ મળેલ છે. |

(₹ કરોડમાં)

| તારીખ | રકમ | તારીખ | રકમ |
|---|---|---|---|
| ૨૨/૦૨/૨૦૨૩ | ૮૬૪.૬૨ | ૦૩/૦૭/૨૦૨૩ | ૯,૦૨૦.૯૭ |

તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ જી.એસ.ટી. વળતર પેટે ₹૯૧૩૬.૨૬ કરોડ બાકી હતા ત્યારબાદ એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા રાજ્યની આવક પ્રમાણિત થતા રાજ્યને મળવાપાત્ર બાકી વળતર ₹૧૧,૫૫૭.૯૪ કરોડ નક્કી કરવામાં આવેલ.

| | | |
|---|---|---|
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળવાની બાકી છે, અને | (૨) ₹૧,૬૭૨.૩૫ કરોડ |
| (૩) | ઉક્ત બાકી રકમ મળે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પ્રયાસો કરવામાં આવ્યા ? | (૩) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ–૭ની જોગવાઇ મુજબ એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા આવકનું ઓડીટ પ્રમાણપત્ર સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં, રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે. |

-----------------